# ભરૂચ જીલ્લા પોલીસ દ્વારા કરેલ સારી કામગીરીની માહિતી

DATE: 11/03/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATSAMACHAR PAGE-03

## રાજપારડી પંથકમાં

# વીજ ઉપકરણોની ચોરી કરતા તત્વો સામે પોલીસની લાલ આંખ

રાજપારડી,તા.૧૦

**રાજપારડી પંથકની સીમમાં કેબલ ચોરી, વીજ ઉપકરણોને નુકશાન તેમજ પાણીની પાઈપલાઈનો માં તોડફોડ કરતા તત્વો ખેડૂત આલમને નુકશાનમાં ઉતારી રહ્યા છે. આ તત્વોને ઝડપી પાડવા પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે.**

## ગુનેગારોને ઝડપી લેવા સઘન કાર્યવાહી હાથ ધરાશે

ખેડૂતો દ્વારા જિલ્લા પોલીસ વડા અને રાજપારડી પોલીસને રજુઆત કરતા ભાંગફોડીઆ અને નુકશાન કરનારા તત્વોને ઝડપી લેવાશે, એવી ખાત્રી આપી હતી. સામાન્ય રીતે આવા તત્વો પોતાના ખરાબ કૃત્યને અંજામ આપવા રાત્રિનો સમય પસંદ કરતા હોય છે.

ખેડૂતોને નુકશાન થવાની સાથે પાક સુકાવાની પણ નોબત આવે છે. ત્યારે ખેડૂતોનાી રજુઆત સાંભળીને પોલીસ દ્વારા આ બાતે ગુનેગારોને પકડી પાડવા સઘન, કાર્યવાહી હાથ ધરાશે એવી ખાત્રી આપી હતી. આ અંગે રાજપારડી પીએસઆઇ જણાવ્યું કે ખેડૂતોને બેવડા નુકશાનમાં ઉતારનારા આવા રાત્રિચોરોને સાંખઈ નહિ લેવાય અને પોલીસ આ તત્વોને ઝડપી લેવા સઘન કાર્યવાહી હાથ ધરશે.

રાજપારડીના ૮ ખેતરોમાં તાજેતરમાં પાણીની પાઈપલાઈનો તોડી નાંખવામાં આવતા ખેતીને પાણીનીા જરૂર ના સમયે પાણી વિના પાક સુકાવાની નોબત આવતા ખેડૂત આલમ ચિંતીત બન્યો હતો.

DATE: 11/03/2019 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE-09

# અંકલેશ્વરમાંથી વિદેશી દારૂ સાથે ત્રણની ધરપકડ

। અંકલેશ્વર ।

અંકલેશ્વર મોદી નગર વિસ્તારમાંથી પોલીસે વિદેશી દારૂ બિયરના જથ્થા સાથે ત્રણ ઈસમોની ધરપકડ કરી છે.

અંકલેશ્વર શહેર પોલીસ મથકના નવા પીઆઈ તરીકે હાલમાં જ ચાર્જ સંભાળનાર એન.આર. ગામીત તથા સ્ટાફ બાતમીના આધારે અંકલેશ્વર મોદી નગરનાં ઈ-૫ નંબરના મકાનમાં રેઈડ કરી હતી. જેમાં આરોપી વિપુલ ગાંધીનાં ઘરમાંથી અને ઘરની બહાર પડેલી ઓટોરિક્ષામાં વિદેશી દારૂ અને બિયરી ટીન મળી કુલ રૂ. ૯૬૦૦નો જથ્થો મળી આવ્યો હતો. આ જથ્થા સાથે પોલીસે વિપુલ ગાંધી ઉપરાંત અન્ય બે સાગરિતો સોયબ અયુબ શેખ, રહેવાસી સાંઈલોક પ્રેસિડન્સીની પાછળની મદારી ઝૂંપડપટ્ટી તથા સત્તાર યુનુસ શેખ રહેવાસી દઢાલની પણ ધરપકડ કરી હતી. પોલીસે રૂ. ૯૬૦૦નો દારૂ, રૂ. ૨૫૦૦૦ની રિક્ષા, સોયબ પાસેથી મળેલા રોકડા રૂ. ૧૯૫૦૦ તથા એક મોબાઈલ રૂ. ૫૦૦૦ મળી કુલ ૫૯૧૦નો મુદ્દામાલ જપ્ત કરી તપાસ કરી છે.

DATE: 11/03/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATSAMACHAR PAGE-01

# ભરૂચ તુલસીધામના એક ટપોરીએ પોલીસ કર્મીને બે લાફા ઝીંકી દીધા

ભરૂચ,તા.૧૦

ભરૂચના તુલસીધામ શાકભાજી બજાર સ્થિત ફરજ પરના ટ્રાફીક પોલીસ જવાનને ટપોરીએ બે લાફા મારી દેતાં પોલીસે દોડી આવી ટપોરીને જાહેરમાં જ મેથી પાક ચખાડતાં લોકોના ટોળા એકત્રીત થઇ જવા સાથે ટ્રાફીક જામ થઇ ગયો હતો.

ભરૂચના તુલસીધામ નજીક શાકભાજી બજાર નજીકથી ઓવરલોડ ભરેલ ટેમ્પોને ટ્રાફીક પોલીસ જમાદારે રોકી રૂા.૧૦૦ નો દંડ ફટકારતો મેમો આપતી વેળા જ એક ઇસમે નામે શૈલેષભાઇ ગુમાનભાઇ માછી પટેલએ ટ્રાફીક પોલીસ જમાદારને જ બે લાફા ચોડી દેતા તમાશો ઉભો થયો હતો.

ટ્રાફીક પોલીસ જમાદારએ સી. ડિવીઝન પોલીસને જાણ કરતા પોલીસ કાફલાએ દોડી આવી ટ્રાફીક પોલીસ જમાદારને લાફા ઝીકનાર શૈલેષભાઇ ગુમાનભાઇ માછી પટેલને દબોચી લઇ જાહેર માર્ગ ઉપર જ મેથી પાક ચખાડ્યો હતો. ટેમ્પોને પણ પોલીસે ડીટેઇન કર્યો હતો.

ટ્રાફીક પોલીસ જવાનને લાફા મારનાર શૈલેષ માછી પટેલને તુલસી ધામ નજીક જાહેરમાં જ મેથીપાક ચખાડી રહ્યા હોવાના દ્રશ્યો નજીકમાંજ લગાવેલા સી.સી. ટીવી કેમેરા માં કેદ થઇ ગયા હતા. ભરૂચના તુલસીધામના પથારાવાળાઓ પાસેથી પણ દમ દાંટી દઇ ને રૂપિયાની ઉગરાણી કરનારાઓ સામે પણ પોલીસ કાર્યવાહી કરે તે જરૂરી છે.



ભરૂચના તુલસીધામ સ્થિત શૈલેષ માછી પટેલ નામના શખ્સે ફરજ પરના ટ્રાફીક પોલીસ જમાદારને તેના મિત્રનો ટેમ્પો રોકવા બાબતે માર-મારતા ટ્રાફીક પોલીસ જવાનએ સી.ડીવીઝન પોલીસે ટ્રાફીક પોલીસને મારનાર શૈલેષ માછીને જાહેરમાં જ ફટકારી પોલીસ મથકે લઇ ગયા હતા સમગ્ર ઘટના નજીકના સીસીટીવી કેમેરોમાં કેદ થઇ ગઇ હતી. (તસવીર : જીજ્ઞેશ પટેલ)

ભરૂચના તુલસીધામ સ્થિત પણ અસામાજીક તત્વોનું ન્યુસન્સ ધીરે-ધીરે વધી રહ્યું હોવાનું પણ જણાઇ રહ્યું છે. ત્યારે ભરૂચ સી. ડીવીઝન પોલીસે પણ પથારાવાળાઓ ને હેરાનગતિ કરનારા ટપોરીઓ તથા અસામાજીક તત્વો સામે પગલા ભરવાની માંગ ઉઠી રહી છે.

ટપોરી અને પોલીસ વચ્ચ બબાલ ના પગલે સમગ્ર મુખ્યમાર્ગ તથા તુલસી ધામ બજારના માર્ગો ઉપર ટ્રાફીક જામ થઇ જવા સાથે વાહનોની લાંબી કતારો પણ લાગી ગઇ હતી

(અનુસંધાન બીજા પાને)

## ટ્રાફીકપોલીસજવાનને મારનાર ને પોલીસે જાહેરમાં મેથીપાક ચખાડ્યો

DATE: 12/03/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-05

# અંકલેશ્વરના અંદાડા ગામે બનેલા હિટ એન્ડ રન કેસનો આરોપી ઝડપાયો

**કાર ચાલક** કલ્પેશ પટેલે ચાર શખ્સોને અડફેટે લીધા હતા જેમાં બેના મોત થયા હતા



અંકલેશ્વર: અંકલેશ્વર તાલુકાના અંદાડા ગામે ચાર વ્યક્તિઓને અડફેટમાં ફરાર થઇ જનાર હિત એન્ડ રન કેસના આરોપીને ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી પાડ્યો છે. અકસ્માતના બનાવમાં ૨ વ્યક્તિઓના મોત થયા હતા.

બે મહિના પહેલા અંકલેશ્વર તાલુકાના અંદાડા ગામે આવેલી હરિદર્શન સોસાયટીની સામે એક ફોર વ્હીલ ચાલક ચાર વ્યક્તિઓને અડફેટમાં લઇ ફરાર થઇ ગયો હતો જેમાં બે વ્યક્તિઓના મોત થયા હતા. હિટ એન્ડ રનના આ ચકચારી કેસમાં ભરૂચની લોકલ ક્રાઈમ બ્રાંચ ની ટીમે તપાસ કરી હતી. જેમાં બાતમીના આધારે એલ.સી.બી.એ મૂળ અંકલેશ્વર તાલુકાના નવા કસીયાના અને હાલ અંદાડા ખાતે ચાણક્ય નગરમાં રહેતા કલ્પેશ કાલિદાસ પટેલની પુછતાછ હાથ ધરી હતી. શરૂઆતમાં કલ્પેશ પટેલે ગલ્લા-તલ્લા કરતા પોલીસે કડક હાથે પુછતાછ કરતા આખરે કલ્પેશ પટેલે ભાંગી પડી અકસ્માતનો ગુનો કબૂલ કર્યો હતો. જેના આધારે લોકલ ક્રાઈમ બ્રાન્ચે કલ્પેશની ધરપકડ કરી સેન્ટ્રો કાર કે જેના વડે અકસ્માત થયો હતો તે કાર નંબર જીજે-૦૧-બીકે-૮૬૬૪ કબજે લઈ તેની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

DATE: 12/03/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-12

# અંકલેશ્વરમાં ટેન્કરમાંથી કેમિકલ ચોરીના ગુનામાં નાસતો ફરતો ટેન્કર ચાલક ઝડપાયો

**અગાઉ એક કરોડના મુદ્દામાલ સાથે ચાર શખ્સો ઝડપાયા હતા**

અંકલેશ્વર : અંકલેશ્વર નેશનલ હાઈવે ઉપર આવેલ સર્વોત્તમ હોટલ નજીક ટેન્કરોમાંથી કેમિકલની ચોરીમાં સંડોવાયેલા નાસ્તા-ફરતા આરોપીને અંકલેશ્વર તાલુકા પોલીસે ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

ગત તા.૭ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ હજીરાના અદાણી પોર્ટ પરથી આદિત્ય બલ્ક કેરિયર્સ ટ્રાન્સપોર્ટના ટેન્કર નંબર-જી.જે.૧૨.બીટી ૬૦૫૩ અને ટેન્કર નંબર-જી. જે.૧૨.બીટી [illegible]માં સ્ટાયરિન



મોનોમર કેમિકલ ભરી દહેજની ઈનોએસ કંપનીમાં લઈ જવામાં આવી રહ્યું હતું. આ ટેન્કરોના ચાલકો અંકલેશ્વર નેશનલ હાઈવે ઉપર આવેલી સર્વોત્તમ હોટલના કમ્પાઉન્ડમાં ટેન્કર પાર્ક કરી અન્ય શખ્સો અશોક ઓમપ્રકાશ ઢાકળ અને સોનુ જમનાલાલ ઢાકળ સાથે મળી કેમિકલની ચોરી કરી રહ્યા હતા જેમને ભરૂચ એલસીબી પોલીસે સ્થળ પરથી ૧ કરોડ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કરી ચાર ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. જોકે જે તે સમયે ટેન્કર નંબર-જી.જે.૧૨.બીટી ૬૦૫૩નો ચાલક જીતેન્દ્ર ભરત ચૌધરી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

બનાવ અંગે એલસીબી પોલીસે અંકલેશ્વર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી તપાસ દરમ્યાન સાત મહિના બાદ નાસ્તા ફરતા ટેન્કર ચાલક જીતેન્દ્ર ચૌધરીને તાલુકા પોલીસે બાતમીના આધારે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

DATE: 12/03/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATSAMACHAR PAGE-04

# ભરૂચના લીમડીચોકમાંથી ચાર જુગારીયા ઝડપાયા

ભરૂચ,તા.૧૧

ભરૂચના લીમડીચોક વિસ્તારમાંથી પોલીસે રોકડા રૂપિયા ૨૬,૭૩૦ તેમજ મોબાઈલ મળી કુલ રૂા.૩૧,૨૩૦ના મુદ્દામાલ સાથે ચાર જુગારીયાઓને ઝડપી પાડ્યા હતા.

## રોકડ રૂપિયા તથા મોબાઈલ મળી ૩૧,૨૩૦ના મુદ્દામાલ જપ્ત

ભરૂચ બી ડિવીઝન સર્વેલન્સ સ્ટાફ મળેલ બાતમીના આધારે પશ્ચિમ વિસ્તારમાં આવેલ પીપળી ગલી લીમડીચોકમાં ત્રાટકીહતી. જેમાં ખુલ્લામાં પત્તાપાનાનો જુગાર રમતા વાવ ફળીયાના રાહુલ વસાવા, લીમડીચોકના બળદેવભાઇ જાદવ, ઝાડેશ્વરના રણજીતભાઇ માયતે તેમજ લકી એપાર્ટમેન્ટના અલ્તાફ શેખ ઝડપાઇ ગયા હતા.

પોલીસે તેઓની અંગજડતીમાંથી મળી આવેલ રોકડા રૂપિયા ૧૯,૩૧૦ તેમજ દાવ પર લગાડવામાં આવેલા રોકડા રૂપિયા ૭,૪૨૦ મળી કુલ રૂા.૨૬,૭૩૦ તેમજ ચાર મોબાઈલ મળી કુલ્લે રૂપિયા ૩૧,૨૩૦ ના મુદ્દામાલ કબજે લઇ જુગારધારાની વિવિધ કલમ હેઠળ ગુનો નોધી ચારેય આરોપીઓની અટકાયત કરતા ચકચાર મચી જવા પામી છે.

DATE: 12/03/2019 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE-11

### વાગરાના થાણા બીટ વિસ્તારમાંથી ટેમ્પો પકડાયો

# અઢી લાખના મુદ્દામાલ સાથે કેબલ ચોર ટોળકી ઝડપાઈ

## જી.ઈ.બી.ના ૯ બંડલ વીજ વાયરો, ૭ નંગ હેલોજન લાઈટો મળી

| વાગરા |

વાગરા પોલીસ થાણા બીટ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. ત્યારે કોન્સ્ટેબલ સેતાનસિંહ ઝાલાને મળેલી બાતમીના આધારે સફેદ કલરનો છોટા હાથી ટેમ્પો નંબર જી.જે.૧૬. એ.યુ. ૪૦૭૨ માં એલ્યુમિનિયમના તાર ભરી સાયખા ગામથી કોઠીયા તરફ આવી રહ્યો છે. પોલીસની ટીમ વોચમાં હતી તેવામાં સામેથી આવી રહેલ છોટા હાથીને પોલીસ જવાનોએ અટકાવી તલાશી લેતા પૂંઠા નીચે સંતાડેલ જી.ઈ.બી.ના એલ્યુમિનિયમ વાયરના ૨૨૫ કિલોગ્રામ વજનના ૯ બંડલો નજરે પડ્યા હતા. સાથે વાયર કાપવાના બે કટર ઉપરાંત લોખંડની બે પાઈપો મળી હતી. વધુમાં નાની તેમજ મોટી મળી કુલ ૭ નંગ હેલોજન ફલડ લાઈટો મળી આવી હતી. આ વસ્તુઓના ટેમ્પો ચાલક પાસે આધાર પુરાવા તેમજ દસ્તાવેજોની માંગણી કરતા તે મળી આવ્યા ન હતા.

જેથી પોલીસે ટેમ્પો સહિતના રૂ. ૨૩૭૧૨૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ટેમ્પો ચાલક મોહન ઉર્ફે વિજય ભજુરામ મદેસિયા હાલ રહે ગડખોલ પાટિયા, મૂળ રહેવાસી ઉત્તરપ્રદેશ તેમજ ઈબાહીમ મુસાભાઈ વોરા પટેલ, રહે. ખોજબલ તાલુકા વાગરા ઉપરાંત વિષ્ણુ રામદી નીસાદ હાલ રહે, ખોજબલ મૂળ રહે ઉત્તરપ્રદેશ ઉપરાંત વાહીદ ઉર્ફે કેદાર ગાદુરઅલી હાલ રહે ખોજબલ મૂળ રહે ઉત્તરપ્રદેશનાઓની અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

DATE: 12/03/2019 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE-11

# સુપર માર્કેટના રહેણાંકમાંથી દારૂનો વેપલો ઝડપાયો

| ભરૂચ |

ભરૂચના સ્ટેશન રોડ વિસ્તારમાં આવેલ સુપર માર્કેટના રહેણાંક વિસ્તારમાંથી વિદેશી દારૂનો જથ્થો એલસીબી પોલીસે ઝડપી પાડયો હતો. આ બનાવ અંગે એક આરોપીની અટક કરવામાં આવી હતી. આ અંગે વધુ વિગત જોતા એલસીબી પોલીસે અને તેમની ટીમે અ.હે.કો. જયેન્દ્રભાઈને મળેલ બાતમીના આધારે રેડ કરતા સુપર માર્કેટના રહેણાંક વિસ્તારમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપી પાડયો હતો. આ અંગે ભાવિન ઉર્ફે સુરેશ મહેતા, રહે.આચારવાડની ખડકી ભરૂચની અટક કરેલ છે. આ રેડ દરમિયાન ઈંગ્લીશ દારૂની નાની-મોટી બોટલ નંગ ૫૩ કિંમત રૂા.૧૯૩૫૦ એલસીબી પોલીસે ઝડપી પાડ્યો છે.

DATE: 12/03/2019 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE-11

# સંજાલીમાં રિક્ષામાં સવાર મુસાફરોને લૂંટનારા બે ઝડપાયા

અંકલેશ્વર : અંકલેશ્વરના સંજાલી નજીક રિક્ષામાં સવાર મુસાફરોને લૂંટી લેનાર વધુ બે આરોપીને પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ગત તા. ૧૫મી ફેબ્રુઆરીના રોજ પાનોલી જીઆઈડીસીમાં રહેતા મોહંમદ અલી ઈસા સમા ઘરનો સામાન લેવા રિક્ષામાં બેસી સંજાલી ગામ તરફ જઈ રહ્યા હતા. દરમિયાન બાકરોલ બ્રિજ પાસે રિક્ષામાં બેઠેલ બે ઈસમોએ તેઓના ખિસ્સામાં મુકેલ રૂપિયા ત્રણ હજારની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા.

આ અંગે અંકલેશ્વર તાલુકા પોલીસે ગુનો નોંધી રિક્ષાના ચાલકની અટકાયત કર્યા બાદ વધુ બે ઈસમોને સુરત ખાતેથી ઝડપી પાડી તેમના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



(તસવીર : દિનેશ ગાંધી)

# અંકલેશ્વરના મોદીનગરમાંથી રિક્ષામાંથી દારૂ ઝડપાયો, બે બુટલેગરની અટકાયત

## અંકલેશ્વર પોલીસની રેડઃ રિક્ષા, રોકડા, મોબાઈલ અને દારૂ મળી 59 હજારનો મુદ્દામાલ કબજે

**અંકલેશ્વર,તા.૧૧**

અંકલેશ્વર શહેર પોલીસે મોદીનગરમાંથી રિક્ષા તેમજ મકાનમાંથી ૯ હજાર ઉપરાંતના વિદેશી દારૂ સાથે બે ઈસમોને ઝડપી પાડી કુલ ૫૯ હજારનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અંકલેશ્વરની મોદીનગર સોસાયટીમાં રહેતા બુટલેગર વિપુલ ગાંધીએ રિક્ષામાં તેમજ તેના મકાનમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડ્યો હોવાની બાતમીના આધારે શહેર પોલીસે રેડ કરતાં રિક્ષામાંથી તેમજ તેના ઘરમાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ૯,૬૦૦ની કિંમતનો દારૂ અને ૨૫,૦૦૦ની કિંમતની રિક્ષા તેમજ રોકડા ૧૯,૦૦૦ તેમજ મોબાઈલ મળી કુલ ૫૯,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી વિપુલ ગાંધી તેમજ ભરૂચના શોયેબ અય્યુબ શેખની ધરપકડ કરી હતી. જ્યારે ભરૂચના સત્તાર યુનુસ શેખને વોન્ટેડ જાહેર કર્યો હતો. શહેર પોલીસે પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

DATE: 12/03/2019 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE-12

# ભરૂચ ફુરજામાં ઘરમાં જુગાર રમતા બે ખેલી રૂપિયા ૨૨ હજારની મતા સાથે ઝડપાયાં

: ભરૂચ :

ભરૂચ નગરના ફુરજા વિસ્તારમાં બરકતવાડ ખાતેથી એક મકાનમાં મળેલ બાતમીના આધારે જુગાર રમતા જુગારીયાઓને એલસીબી પોલીસ ભરૂચે ઝડપી પાડેલ હતા.

આ બનાવ અંગેની વિગતો જોતા ભરૂચ જિલ્લા પોલીસવડા રાજેન્દ્રસિંહ ચુડાસમા અને એલસીબી પી.આઈ. જે. એન.ઝાલાની સુચના અનુસાર એલસીબી પીએસઆઈ એ. એસ.ચૌહાણ અને તેમની ટીમે પો.કો.મહિપાલસિંહને મળેલ બાતમી અનુસાર બરકતવાડ ફુરજા વિસ્તારમાં રહેતા મુમ્તિયાર ઉર્ફે મોબાઈલ મહેબુબ મલેકના રહેણાંકના મકાનમાંથી પત્તાપાનાનો હારજીતનો તીનપત્તીનો જુગાર ઝડપી પાડયો હતો તે સાથે બે આરોપીઓને પણ ઝડપી પાડયા હતા અને તે અંગે કાયદેસરની કાર્યવાહી કરવા માટે આરોપીઓને ભરૂચ શહેર બી. ડીવીઝન પોલીસને સોંપવામાં આવેલ છે. ઝડપાયેલા આરોપીઓમાં અનવરહુસેન મહમદ હનીફ બોસવાલા, રહે. બરકતવાડ, ફુરજા, મોહંમદ જાવીદ મોહંમદ હનીફ શેખ, રહે.ધોબીતળાવ, લીંબુછાપરી ભરૂચને ઝડપી પાડેલ છે. બંને આરોપીઓ પાસે અંગઝડતી, દાવપરના રૂપિયા અને મોબાઈલ નંગ બે મળી કુલ રૂ.૨૨૯૮૦ ની મતા જપ્ત કરેલ છે. આ બનાવ અંગે પીએસઆઈ એ.એસ.ચૌહાણ, અ.હે.કો.અજય, જયેન્દ્રભાઈ, અશોકભાઈ વગેરેએ કામગીરી કરી હતી. વધુ તપાસ બી. ડીવીઝન પોલીસ કરી રહી છે.

DATE: 14/03/2019 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE-12

## ચૂંટણી વેળા દારૂબંધીની ચુસ્તપણે પાલનના ખાસ સુચનો

# ભરૂચમાં બે સ્થળેથી રૂા.૧૨૮૦૦ ના દારૂ સાથે ૨ બુટલેગરોની ધરપકડ

### રોજેરોજ કેટલો દારૂ પકડાયો તેનો પણ રિપોર્ટ મોકલવાનો

| ભરૂચ |

લોકસભાની ચુંટણીની જાહેરાત સાથે જ આદર્શ આચારસંહિતા વચ્ચે વિવિધ જાહેરનામાઓ જારી થઈ રહ્યા છે. ચુંટણી પંચે ગુજરાતમાં બે સિનિયર કક્ષાના આઈપીએસ અધિકારીઓને ચૂંટણીપંચ વતી ફરજ બજાવવા માટે પોલીસ નોડલ ઓફીસર તરીકે પસંદગી કરી છે. જેમાં હવે પોલીસે રોજેરોજ કેટલો દારૂ પકડાયો તેનો રિપોર્ટ પણ મોકલવાનો રહેશે. દરમિયાન ભરૂચ એલસીબીએ શાંતિબાગ સોસાયટી તેમજ રોટરી કલબ પાછળથી રૂા.૧૨૮૦૦ ના દારૂના જથ્થા સાથે બે બુટલેગરોને ઝડપી પાડયા હતા.

ચુંટણી જાહેર થઈ ચુકી છે ત્યારે ભરૂચ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા દારૂના વેપલા સામે કડક પગલા લેવાઈ રહ્યા છે. જેના એક ભાગરૂપે ભરૂચ નગરના શાંતિબાગ સોસાયટી તેમજ રોટરી કલબના પાછળના વિસ્તારમાં વેચાતો વિદેશી દારૂ એલસીબી પોલીસે ઝડપી પાડયો હતો. આ સાથે બે આરોપીઓની અટક કરવામાં આવી હતી. એલસીબી પોલીસના સૂત્રોના જણાવ્યા અનુસાર શાંતિબાગ સોસાયટી વિસ્તારમાં ચંદ્રેશ વિનોદભાઈ મોદી રહે.શાંતિનગર



સોસાયટી, સેવાશ્રમ રોડ વિદેશી દારૂનુ વેચાણ કરતા જણાયા હતા જેમની પાસેથી દારૂના પાઉચ નંગ ૫૬ કિંમત રૂા.૫૬૦૦ તેમજ રોટરી કલબ પાછળ નવાબ ઉર્ફે નબ્બુ ઉર્ફે ઈમરાન શાહ કરીમશાહ દિવાન રહે.મારવાડી ટેકરો, ભરૂચ વિદેશી દારૂના ૭૨ પાઉચનુ વેચાણ કરતા ઝડપાયો હતો. જેની કિંમત રૂા.૭૨૦૦ જેટલી થાય છે. બેવ આરોપીઓની એલસીબીએ અટક કરી વધુ તપાસ અર્થે ભરૂચ સીટી પોલીસને સોંપેલ છે.

DATE: 16/03/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-08

# અંકલેશ્વર હાઇવે પર રિક્ષામાં મુસાફરોને લૂંટનાર ટોળકીનો વધુ એક સાગરિત ઝડપાયો



અંકલેશ્વરઃ અંકલેશ્વર નજીક હાઈવે પર રિક્ષામાં મુસાફરોને નિશાન બનાવી લુંટ કરનાર ટોળકીના વધુ એક સાગરીતની પોલીસે ધરપકડ કરી છે. પાનોલી ખાતે રહેતા મહમદ અલી ઇશાને સંજાલી નજીક રિક્ષામા લીફ્ટ આપવાના બહાને બેસાડી રિક્ષામાં સવાર ચાર ઇસમોએ તેની પાસેથી રૂપિયા ૩ હજારની લુંટ ચલાવી હતી. આ ગુનામાં અગાઉ પોલીસે અગાઉ ત્રણ આરોપીઓની ધરપડક કર્યા બાદ વધુ એક આરોપીની ધરપડક કરી છે. પોલીસે સુરતના સચિન વિસ્તારના ઉનપાટીયાના રહેવાસી બિક્રમ પૂનમચંદ બહેરાની ધરપકડ કરી તેના વિરૂધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

DATE: 16/03/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-08



■ ભરૂચમાં દારૂના નશામાં કારચાલકે મોપડેને ટક્કર મારતા બાળકનું મોત. કારચાલકની ધરપકડ.

## માંગરોળ કોર્ટનાં સુપ્રિટેન્ડન્ટના પરિવારને અકસ્માત

# ભરૂચના કોલેજ રોડ ઉપર નશામાં કાર હંકારી ચાલકે બાળકનો ભોગ લીધો

**દિકરીની** વર્ષગાંઠ નિમિત્તે હોટલમાં જમવા જતાં પરિવારની એક્ટીવાને કાર ચાલકે ટક્કર મારી

**અકસ્માતમાં** બાળકનું મોત, દિકરી અને સુપ્રિટેન્ડન્ટની મિત્રને ગંભીર ઈજા : કાર ચાલકની અટકાયત

ભરૂચ: ભરૂચ કોલેજ રોડ ઉપર આવેલી એક હોટલમાં દિકરીની વર્ષગાંઠ નિમિત્તે હોટલમાં જમવા જતા પરિવારની એકટીવાને નશામાં ધુત બની ધરી આવેલા કાર ચાલકે ટક્કર મારતા ૧૧ વર્ષીય માસુમ બાળકનું કરૂણ મોત નિપજ્યું હતું. જયારે એકટીવા પર સવાર ૭ વર્ષીય દિકરી અને એક મહિલાની હાલત નાજુક બની હતી.

ભરૂચના લીંક રોડ ઉપર આવેલ રંગ અવધુત સોસાયટીના બી-૧૨માં પરિવાર સાથે રહી માંગરોળ કોર્ટમાં સુપ્રિટેન્ડન્ટની ફરજ બજાવતા રવિ અરવિંદ પટેલ( ઉ.વર્ષ ૩૮ ) તા.૧૪મીના રોજ તેમની ૭ વર્ષીય દિકરી કેયાની વર્ષગાંઠ હોય રાતે ૮.૩૦ કલાકની આસપાસ અલગ-અલગ ટુ વ્હીલર પર પરિવાર તેમજ રવિ પટેલની ઝઘડીયા કોર્ટમાં આસી.પબ્લીક પ્રોસિક્યુટર તરીકે ફરજ બજાવતી મિત્ર નિહારિકા ઉમરીયા સાથે ભરૂચ કોલેજ રોડ ઉપર આવેલી હોટલ આશિષ ઉપર જમવા જતા હતા. દરમિયાન કોલેજ રોડ ઉપર આવેલ ગોવર્ધન હોસ્પીટલ અને સી.એન.જી પંપની વચ્ચેના રોડ ઉપરથી પસાર થતી વેળા એક સિલ્વર કલરની હોન્ડા અમેઝ નંબર જીજે-૧૬-બીજી-૧૯૭૪ના ચાલકે નશામાં ધુત બની અચાનક પુર ઝડપે ધસી આવી નિહારીકાની એકટીવાને ટકકર મારી એકટીવા પર સવાર નિહારિકા, કેયા તેમજ ૧૧ વર્ષીય વેદાંત પર ફોરવ્હીલ ચઢાવી દેતા ત્રણેયને ગંભીર ઇજાઓ પહોંચી હતી.

આ અકસ્માતના પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા તેમજ અન્ય જ્યુપીટર ટુ વ્હીલર પર રવિ પટેલ અને તેમના પત્ની કે જેઓ આશરે ૧૦ ફૂટ પાછળ હોય ઘટના સ્થળે પહોંચ્યા હતા. જેથી ત્રણેયને તત્કાલ સારવાર અર્થે ખાનગી વાહન મારફતે હીલીંગ ટચ હોસ્પિટલ ખસેડાયા હતાં જયાં હાજર તબીબે ૧૧ વર્ષીય વેદાંતને મૃત જાહેર કર્યો હતો. જયારે નિહારિકા તેમજ ૭ વર્ષીય કેયાની હાલત નાજુક હોય તત્કાલ તેમની સારવાર આરંભી હતી.

આ ઘટનાની જાણ થતાં જ સિ-ડિવિઝન પોલીસે તત્કાલ ઘટના સ્થળે દોડી જઈ અકસ્માત સર્જનાર કારચાલક તથા કારમાં સવાર અન્ય એકને ઝડપી લઈ તેમના વિરૂધ્ધ આગળની કાર્યવાહી આરંભવા સાથે મૃતક વેદાંતની લાશને પી.એમ. અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડી હતી.

DATE: 16/03/2019 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE-10

# અંકલેશ્વરમાં ૫.૨૫ લાખની ચોરીમાં એકની ધરપકડ

અંકલેશ્વર : અંકલેશ્વરમાં બંધ મકાનમાંથી ૫.૨૫ લાખની ચોરીમાં પોલીસે મુળ અમદાવાદના રહેવાસી હિરાસિંગ પાટવાની ધરપકડ કરી છે. આ આરોપી ચોરીની કાર લઈ પસાર થઈ રહ્યો હતો એ દરમિયાન અમદાવાદ પોલીસે તેની અટકાયત કરી હતી. પોલીસે તેની વધુ પૂછતાછ કરતા તેણે દિવાળીના સમયમાં અંકલેશ્વરની વચનામૃત રેસીડેન્સીનાં બંધ મકાનમાંથી સોના ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૫.૨૫ લાખની માલમત્તાની ચોરી કરી હોવાનું કબુલ્યું હતું. અંકલેશ્વર શહેર પોલીસે આ આરોપીની ધરપકડ કરી તેના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

DATE: 17/03/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-08

# અંકલેશ્વરમાંથી વાહન ચોર ઝડપાયો આઠથી વધુ વાહન ચોરીની કબૂલાત

## એલસીબી પોલીસે પાંચ વાહનો કબ્જે કર્યા



■ અંકલેશ્વર પોલીસે રીઢા વાહન ચોરને પકડી પાંચ બાઈક કબજે કરી.

અંકલેશ્વર: અંકલેશ્વરની વાલિયા ચોકડી પાસેથી ભરૂચ એલસીબી પોલીસે રીઢા વાહન ચોરની ધરપકડ કરી ચોરાયેલા પાંચ વાહનો કબ્જે કરીને વધુ તપાસ પોલીસ ચલાવી રહી છે.

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ અંકલેશ્વરમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન વાહન ચોર સંદર્ભે મળેલી બાતમીનાં આધારે પોલીસે વાલિયા ચોકડી પાસે વોચ ગોઠવી હતી, તે દરમિયાન એલસીબી પોલીસે મેસ્ટ્રો ચાલક પ્રકાશ ઉર્ફે પકો અરવિંદભાઈ વસાવા (ઉ.વ. ૨૭ , રહે સરફફુદીન ગામ, અંકલેશ્વર)ને અટકાવી મેસ્ટ્રોનાં જરૂરી પેપરો માંગ્યા હતા, જેનો તે યોગ્ય પ્રત્યુત્તર આપી શક્યો નહોતો. પોલીસે પ્રકાશ વસાવાની અટકાયત કરીને સઘન પૂછપરછ કરતા તેને મેસ્ટ્રો ચોરીની કબૂલાત કરી હતી, આ ઉપરાંત અન્ય વાહન ચોરીની પણ કબૂલાત કરી હતી. જેમાં અંકલેશ્વરનાં બ્રિજ નગર પાસે થી મેસ્ટ્રો , કેડિલા ઝાયડ્સ કંપની નજીકથી સ્પ્લેન્ડર, રવિ કોમ્પ્લેક્સ પાસેથી સ્પ્લેન્ડર, ગડખોલ પાટીયા નજીકથી સ્પ્લેન્ડર તેમજ ગડખોલ પાટીયા પાસેનાં એકતા નગર પાસે થી સ્પ્લેન્ડર ચોરી કરી હતી, જે પાંચ વાહનો એલસીબી પોલીસે કબ્જે કરીને અંકલેશ્વર શહેર પોલીસ મથકમાં આરોપીને સોંપ્યો હતો. પોલીસ તપાસમાં આ ઉપરાંત વાલિયાનાં બજારમાંથી સ્પ્લેન્ડર બાઈક તેમજ અંકલેશ્વર ત્રણ રસ્તા પાસે થી અને હાંસોટનાં પારડી ખાતેથી પણ સ્પ્લેન્ડર બાઈકની ચોરી કરી હોવાની કબૂલાત કરતા પોલીસે તે અંગેની પણ વધુ તપાસ શરુ કરી હતી.અને વધુમાં પોલીસે વહનોનાં મેકવ્હીલ તથા બે જમ્પર પણ કબ્જે કર્યા હતા.

## અંકલેશ્વરમાં બાઈક ચોરનાર એમપીથી ઝડપાયો



અંકલેશ્વર: અંકલેશ્વર જી.આઈ.ડી.સીમાં આવેલી ન્યુ રંગ સોસાયટીમાં રહેતા શ્રવણસીંગ છગનસિંગ રાજપુરોહિત ગત તારીખ-૧૧ માર્ચના રોજ પોતાની બાઈક નં બર-જી.જે.૧૬ બીએલ ૮૮૦૧ યોગી સ્ટેટની સામે પાર્ક કરી નવા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ક્રિકેટ જોવા ગયા હતા તે દરમિયાન કોઈ બાઈક ચોર તેઓની બાઈકની ચોરી કરી ફરાર થઇ ગયો હતો ચોરી અંગે અંકલેશ્વર જી.આઈ.ડી.સી પોલીસ મથકે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી તે દરમિયાન પોલીસે મધ્યપ્રદેશના પીપળીપાડામાં રહેતા બળવંતભાઈ પીરુભાઈ નીનામાને ચોરીની બાઈક સાથે ઝડપી પાડી તેના વિરુદ્ધ ગુનો નોંધી જીઆઇડીસી પોલીસ વધુ તપાસ હાથ ધરી છે.

DATE: 17/03/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-08

# અંકલેશ્વરમાં નાઈટ્રોજન બેન્ઝીન ભરેલો ટેમ્પો ઝડપાયો

## ટેમ્પો ચાલકની અટકાયત: કેમિકલ ભરેલા ૩૫ બેરલ મળી ૬.૭૦ હજારનો મુદ્દામાલ જપ્ત



અંકલેશ્વર : અંકલેશ્વર રાજપીપળા ચોકડી નજીક એક હોટલ પાસેથી ભરૂચ એસઓજી પોલીસની ટીમે કેમિકલનાં ૩૫ બેરલ ભરેલા એક ટેમ્પાને શંકાસ્પદ હાલતમાં ઝડપી પડ્યો હતો. અને ટેમ્પો ચાલકની અટકાયત કરી કેમિકલ તેમજ ટેમ્પો મળીને ૬.૭૦ લાખનો મુદ્દામાલ જ કર્યો હતો.

ભરૂચ એસઓજી પોલીસની ટીમ અંકલેશ્વર શહેર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે રાજપીપળા ચોકડી ઓવર બ્રિજ નજીકની હોટલ સિલ્વર સેવન પાસે એક ટેમ્પો રસ્તાની બાજુમાં પાર્ક કરેલો મળ્યો હતો. જે અંગે તપાસ કરતા પોલીસને ટેમ્પામાં ૩૫ જેટલા કેમિકલ ભરેલા બેરલો મળી આવ્યા હતા. જે અંગે વધુ તપાસ કરતા પોલીસે ટેમ્પાનાં ચાલક ગોવુભા પુનભા (રહે. ઝીંજુવાડા, સુરેન્દ્ર નગર) નો હોવાનું જણાવ્યું હતુ. તેમજ પોલીસે ટેમ્પામાં ભરેલા કેમિકલનાં જરૂરી દસ્તાવેજી પુરાવા માંગતા તેણે યોગ્ય જવાબ આપ્યો નહોતો. તેથી પોલીસે તેની અટકાયત કરી સઘન પુછતાછ કરતા ચાલકે ટેમ્પો પોતાનો હોવાનું તેમજ બેરલમાં ભરેલ કેમિકલ નાઇટ્રોજન બેન્ઝીન હોવા સાથે તેણે આ કેમિકલ સચીન જી.આઇ.ડી.સીની પ્રભાત ઈન્ડસ્ટ્રીઝમાંથી ભર્યું હોવાનું અને તેને અમદાવાદના સાણંદ લઈ જવાનું હોવાનું જણાવ્યું હતુ.

પોલીસે ઝડપાયેલ આરોપીને કેમિકલ બીલ બાબત પુછતા તેણે બતાવેલ બીલ પાનોલી જી.આઈ.ડી.સીની કંપનીનું જોવા મળ્યું હતું. જે અંગે તેની વધુ પુછતાછ કરતા ટ્રાન્પોર્ટ પાવતી તથા બીલ અંકલેશ્વર રાજપીપળા ચોકડી નજીકની વર્ષા હોટલની બાજુમાં આવેલી વિવેક ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી. ખાતેથી બનાવ્યું હોવાનું પણ બહાર આવતા પોલીસે ટેમ્પાની કિંમત રૂપિયા ૬ લાખ તેમજ કેમિકલ બેરલોની કિંમત રૂપિયા ૭૦,૩૫૦ મળીને કુલ રૂપિયા ૬, ૭૦,૩૫૦ નો મુદ્દામાલ જ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

DATE: 17/03/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-08

# પીપલીયા ગામની સીમમાં જુગાર રમતા છ જુગારીયા ઝડપાયા

ભરૂચ: ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમના એલ.સી.બી. પી.એસ.આઇ. ચૌહાણે તેમની ટીમ સાથે પીપલીયા ગામે રેડ કરી હતી. જ્યાં તલાવડી પાસે ખુલ્લામાં ચાલતો જુગારધામ ઝડપાયું હતું. પોલીસને જોઇ જુગારીઓમાં નાસભાગ મચીજવા પામી હતી. જોકે પોલીસે કોર્ડન કરી છ જેટલા જુગારીઓમાં આમોદના કોલવણા ગામના ઈસ્માઈલ વલીભાઇ વોરા પટેલ, પીપળીયા ગામના અરવિંદભાઇ લાલજીભાઇ પટેલ, આમોદ તાલુકાના સુરી ગામના શબ્બીર ઉદેસીંગ રાજ, પીપળીયા ગામના મો. ફારૂક પટેલ અને પ્રકાશ શશીકાંત પટેલની અટકાયત કરી હતી. પોલીસે તમામની અંગઝડતી લેતા તેમની પાસેથી રોકડા રૂપિયા ૨૦૦૨૦, મોબાઈલ નંગ છ કિંમત ૧૪૫૦૦, એક બાઈક નં.જીજે-૧૬-બીડી-૬૪૧૫ કિં.રૂા. ૧૫૦૦૦ અને દાવ પરથી મળી આવેલા રોકડા રૂપિયા ૮૩૦૦ મળી કુલ રૂપિયા ૫૭૮૨૦ નો મુદ્દામાલ કબજે લઇ તમામ જુગારી સામે જુગારધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

DATE: 17/03/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-08

# અંકલેશ્વરમાં ચાર દેશી દારૂના અડ્ડા ઉપર પોલીસની રેડ

અંકલેશ્વર: અંકલેશ્વર શહેર પોલીસે અલગ-અલગ વિસ્તારમાંથી દેશી દારૂ બનાવતા બુટલેગરોને ત્યાં સપાટો બોલાવ્યો હતો. પોલીસે ચાર બુટલેગર જશીબેન ચતુરભાઈ વસાવા (રહે.અંદાડા), સવી બેન મનહરભાઈ વસાવા (રહે. સુરતી ભાગોળ), અરવિંદભાઈ ગોમાભાઇ વસાવા (રહે. આંબોલી), સંગીતાબેન લક્ષ્મણભાઈ વસાવા (રહે. નવાછાપરા)ની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.